પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૬૬ | ૧૭ મે, ૨૦૧૯, શુક્રવાર; વૈશાખ સુદ-૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મોદી-મમતા વચ્ચે આરપારની લડાઈ

**બંગાળમાં ચૂંટણી પ્રચારનો અંત : હિંસા બાદથી નિર્ણય : છેલ્લા દિવસે મોદી અને મમતા દ્વારા પ્રચાર : વ્યાપક હિંસા ભડકી ઉઠ્યા બાદથી ચૂંટણી પંચ દ્વારા કઠોર નિર્ણય : ૧૯મી મેના દિવસે ૯ લોકસભા સીટ માટે વોટિંગ**

નવી દિલ્હી, તા. ૧૬

પશ્ચિમ બંગાળમાં વ્યાપક હિંસા બાદ ચૂંટણી પ્રચારનો નિર્ધારિત સમય કરતા એક દિવસ પહેલા જ અંત આવી ગયો છે. નિર્ધારિત કાર્યક્રમ મુજબ ચૂંટણી પ્રચારનો અંત શુક્રવારે સાંજે પાંચ વાગે આવવાનો હતો પરંતુ હવે આજે મોડી રાતથી ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. ચૂંટણી પંચ દ્વારા કઠોર કાર્યવાહી કરીને એક દિવસ પહેલા જ ચૂંટણી પ્રચારનો અંત કરી દીધો છે. બંગાળમાં લોકસભાની નવ સીટો ઉપર છેલ્લા તબક્કામાં ૧૯મીના દિવસે મતદાન થનાર છે. પ્રચારનો અંત આવી ગયા બાદ હવે કોઈ રાજકીય પક્ષ બંગાળમાં ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં. ચૂંટણી પંચે સીઆઈડી એડીજી અને રાજ્યના પ્રધાન સચિવને પણ દૂર કરી દીધા છે. ચૂંટણી પંચે પોતાના આદેશમાં કહ્યું છે કે, બંગાળમાં છેલ્લા કેટલાક દિવસમાં બનેલી ઘટનાઓ અને ખાસ કરીને છેલ્લા ૨૪ કલાકમાં જે કંઈપણ ઘટના ઘટી છે તેના આધાર પર આ નિર્ણયો લેવામાં આવ્યા છે. રાજકીય પક્ષો તરફથી મળેલી ફરિયાદો, પશ્ચિમ બંગાળ ચૂંટણી પંચના ડીઈસીના અહેવાલ અને ખાસ નિરીક્ષક અજય નાયક તથા વિવેક દુબેના સંયુક્ત રિપોર્ટના આધાર પર આ નિર્ણયો લેવામાં આવ્યા છે.

## ટીએમસી ગુંડાઓ બંગાળને નરક બનાવી ચુક્યા : મોદી

**બંગાળમાં ભારે અરાજકતા વચ્ચે મોદી ચૂંટણી પ્રચાર માટે પહોંચ્યા : ટીએમસી ગુંડાઓએ રાત્રિ ગાળામાં સમાજ સુધારક ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની મૂર્તિ તોડી પાડી હતી**

મથુરાપુર, તા. ૧૬

પશ્ચિમ બંગાળના જુદા જુદા વિસ્તારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી



આજે ફરીવાર ઝંઝાવતી પ્રચાર કરવા માટે પહોંચ્યા હતા. આ ગાળા દરમિયાન મોદીએ ફરીવાર મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તૃણમુલ કોંગ્રેસ સરકાર ઉપર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, છેલ્લા ત્રણ ચાર દિવસ દરમિયાન બંગાળમાં જે કંઈ પણ ઘટનાઓ બની રહી છે તેને તમામ લોકો જોઈ રહ્યા છે. ટીએમસીના ગુંડાઓએ બંગાળમાં નરકની સ્થિતિ સર્જી દીધી છે. જે રીતે હિંસા ફેલાઈ રહી છે તેનાથી જનતંત્ર બદનામ થયું છે. ટીએમસીના ગુંડાતત્વોએ મોડી રાત્રે મહાન શિક્ષણશાસ્ત્રી અને સમાજ સુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાને પણ તોડી પાડી હતી. કોલેજમાં સીસીટીવી કેમેરા લાગેલા હતા. સરકાર નારદા શારદા કૌભાંડમાં પુરાવાની જેમ જ તેના પણ પુરાવા નષ્ટ કરી રહી છે. મોદીએ કહ્યું હતું કે, આજે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જ્યાં પણ હશે ત્યાંથી જોઈને તેમને પીડા થઈ રહી હશે. તેઓ બંગાળના ગૌરવની રક્ષા માટે લડી રહ્યા હતા અને આજે ઘુસણખોરોનું શાસન આવી ગયું છે.

ગઈકાલે તેઓ મિડિયામાં જોઈ રહ્યા હતા કે, મમતા બેનર્જીએ ભાજપની ઓફિસ ઉપર કબજો જમાવવાની પણ ધમકી આપી હતી. મમતા બેનર્જી સતત ધમકીઓ આપી રહ્યા છે. વોટ બેંકની રાજનીતિ માટે મમતા બેનર્જી કઈ હદ સુધી પહોંચી રહ્યા છે તે તમામ લોકો જોઈ રહ્યા છે. બંગાળની પુત્રીઓને વારંવાર જેલ ભેગી કરવામાં આવે છે પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

## પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચે પ્રચાર પર રાત્રે જ પ્રતિબંધ કેમ લગાવ્યો? : માયાવતી

લખનૌ,તા.૧૬

લોકસભાની ચૂંટણીના છેલ્લા તબક્કા દરમિયાન ચૂંટણી પંચે બંગાળમાં ગુરુવારે રાત્રે ૧૦ વાગ્યાથી પ્રચાર કરવા પર રોક લાગવી દીધી છે. આ મામલે ટીએમસી અને કોંગ્રેસ બાદ હવે બહુજન સમાજ પાર્ટીએ પણ ચૂંટણી પંચની કાર્યવાહી પર પ્રશ્ન કર્યા છે. બીએસપી પ્રમુખ માયાવતીએ જણાવ્યું હતું કે, બંગાળમાં આજે વડાપ્રધાન મોદીની બે રેલીઓ છે...પ્રચાર પર રોક લગાવવી જ હતી તો સવારથી રોક લગાવવામાં કેમ ના આવી? ચૂંટણી પંચ દબાણમાં કામ કરી રહ્યું છે. માયાવતીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં પ્રચાર પર ગુરુવારે રાત્રે ૧૦ વાગ્યાથી રોક લગાવી હતી તો આજે સવારથી કેમ રોક લગાવવામાં ના આવી? આ પક્ષપાતપૂર્ણ છે અને ચૂંટણી પંચ દબાણમાં કામ કરી રહ્યું છે.

## બંગાળમાં પ્રચાર પર રોક એ લોકતંત્રનો કાળો દિવસઃ કોંગ્રેસ

કોંગ્રેસે ભાજપના અધ્યક્ષ અમિત શાહના રોડ શો દરમિયાન ભડકેલી હિંસાની પૃષ્ટભૂમિમાં ચૂંટણી પંચ દ્વારા પશ્ચિમ બંગાળમાં ૧૬ મેની રાત્રે જ ચૂંટણી પ્રચાર પર રોક લગાવવાનો ફેસલો લેવા પર સવાલ ઉઠાવ્યો અને દાવો કર્યો કે આજે લોકતંત્રના ઈતિહાસનો કાળો દિવસ છે કેમ કે આયોગે પ્રક્રિયાનું પાલન ન કરતાં માત્ર પીએમ મોદીની રેલીઓને મંજૂરી આપી દીધી છે. પાર્ટીના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ આ નિવેદન આપ્યું હતું. પશ્ચિમ બંગાળ પર ચૂંટણી પંચના આદેશમાં અનુચ્છેદ ૧૪ અને ૨૧ અંતર્ગત જરૂરી પ્રક્રિયાનું અનુપાલન ન થયું તથા પંચે સૌને સમાન અવસર આપવાના સંવૈધાનિક કર્તવ્યનું પાલન પણ ન કર્યું. આ સંવિધાનની સાથે અસહનીય વિશ્વાસઘાત છે.

## મોદી અમારા પરના આરોપો સાબિત કરે નહિ તો જેલમાં મોકલીશ : મમતા

મથુરાપુર, તા. ૧૬

પશ્ચિમ બંગાળન ધરતી ઉપર હાલના સમયે ભાજપ અને મમતા બેનર્જી વચ્ચે રાજકીય જંગ ચરમસીમા ઉપર છે. અંતિમ તબક્કાના ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ અને ટીએમસી વચ્ચે જોરદાર ખેંચતાણનો દોર જારી રહ્યો છે. હવે એકબીજાને જેલ ભેગા કરવાના આક્ષેપ પણ થઈ રહ્યા છે. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે મથુરા પુરમાં રેલીને સંબોધતા મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું કે, મોદી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. વધારે પડતા જુઠ્ઠાણા નિવેદન કરવા બદલ મોદીએ ઉઠકબેઠક કરવી જોઈએ. ચૂંટણી પંચને પણ ભાજપના ભાઈ તરીકે ગણાવીને પડકાર ફેંક્યો છે કે, તેઓ આના માટે જેલ જવા માટે પણ તૈયાર છે. સાથે સાથે અમિત શાહ અને મોદીને પણ જેલ ભેગા કરવાની ધમકી આપી હતી. મોદી પર પ્રહાર કરતા મમતાએ કહ્યું હતું કે, તેઓ વિદ્યાસાગરની મૂર્તિ બનાવવા માટે ઈચ્છુક છે. બંગાળની પાસે મૂર્તિ બનાવવાના પૈસા છે. ૨૦૦ વર્ષ જુની હેરિટેજ પરત આપવાની સ્થિતિમાં છે કે કેમ. અમારી પાસે પુરાવા છે કે,



ટીએમસીના ગુંડાઓએ તોડફોડ કરી નથી. મમતા બેનર્જીએ રેલીમાં કહ્યું હતું કે, અમને માહિતી મળી છે કે, ભાજપે ચૂંટણી પંચમાં ફરિયાદ દાખલ કરી છે જેથી નરેન્દ્ર મોદીની રેલી બાદ અમે કોઈ રેલી કરી શકીએ નહીં.

ચૂંટણી પંચે પણ નિષ્પક્ષ ભૂમિકા અદા કરી નથી. દેશના લોકો કહી રહ્યા છે કે, ચૂંટણી પંચ પણ ભાજપની સાથે છે. મમતાએ કહ્યું હતું કે, તેમની પાસે કહેવા માટે શબ્દો નથી પરંતુ તેઓ જેલમાં જવા માટે પણ તૈયાર છે પરંતુ વાસ્તવિકતાને રજૂ કરતા ખચકાતા નથી. મમતા બેનર્જીએ રેલીમાં સંઘને આતંકવાદી સંગઠન અને અમિત શાહ માટે ગુંડા જેવા શબ્દનો ઉપયોગ કર્યો હતો. આ પહેલા મોદીએ મઉમાં પણ રેલી યોજી હતી અને મમતા સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. મમતા બેનર્જી રેલીઓને રોકવા માટે પ્રયાસ કરી રહ્યા છે.

## ન્યુઝ ટ્રેક

**બોફોર્સની પુનઃ તપાસ નહી થાય**

સીબીઆઈએ દિલ્હીની એક કોર્ટને સૂચિત કરી કહ્યું છે કે તેઓ બોફોર્સ મામલે આગળની તપાસ માટે પરવાનગીની અરજી પરત ખેંચવા ઈચ્છે છે. અરજીકર્તા અજય અગ્રવાલ પણ પોતાની અરજી પાછી ખેંચવા ઈચ્છતા હોવાથી આ મામલે આગળની તપાસ પર રોક આવી શકે છે.

**ડીજીટલ પ્લેટફોર્મ પર જાહેરાત મામલે ભાજપ પ્રથમ**

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા ચૂંટણીમાં ડીજીટલ પ્લેટફોર્મ પર સૌથી વધુ જાહેરાત આપી ગુગલથી લઈને ફેસબુક પર જાહેરાત માટે ભાજપે ૨૦ કરોડનો ખર્ચ કર્યો છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીએ ૨.૭ કરોડનો ખર્ચ કર્યો છે.

**અદાણીનો ઓસ્ટ્રેલીયાનો પ્રોજેક્ટ મુશ્કેલીમાં**

ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીનો ઓસ્ટ્રેલિયાના ક્વિન્સલેન્ડનો કોલમાઈન પ્રોજેક્ટ વિવાદમાં સપડાયો છે. પર્યાવરણને થનાર સંભવિત નુકસાનનો મુદ્દો આગળ ધરીને નાગરિકો સ્ટોપ અદાણી મુવમેન્ટમાં જોડાયા છે.

## પુલવામામાં અથડામણમાં બે કુખ્યાત ત્રાસવાદીઓ ફુંકાયા

**વહેલી પરોઢે ભીષણ અથડામણમાં જવાન શહીદ : અથડામણ બાદ સંચારબંધી લાગુ**

પુલવામા,તા. ૧૬

જમ્મુ કાશ્મીરના પુલવામાં આજે વહેલી સવારે જોરદાર અથડામણ થઈ હતી. જેમાં બે કુખ્યાત ત્રાસવાદીઓ ઠાર થયા છે. જો કે આ અથડામણમાં એક જવાન પણ શહીદ થયા છે. ઠાર કરવામા આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો કબજે કરવામાં આવ્યા હતા. અથડામણ થયા બાદ સમગ્ર વિસ્તારમાં સંચારબંધી લાગુ કરવામાં આવી છે. બાતમી મળ્યા બાદ સેનાએ જોરદાર ઓપરેશન હાથ ધર્યુ હતુ. ત્રાસવાદીઓ ડોલીપોરા વિસ્તારમાં છુપાયેલા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પુલવામા ખાતે ડાલીપોરામાં જ્યારે બાતમી બાદ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ ત્યારે ત્રાસવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા બે ત્રાસવાદીઓ ફુંકાઈ ગયા હતા. ગોળીબારમાં એક જવાન શહીદ થયા હતા. અથડામણની ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. ગયા સપ્તાહમાં જ શોપિયનમાં સુરક્ષા દળોએ અથડામણમાં બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. શોપિયન વિસ્તારમાં

## નાથુરામ ગોડસે દેશભક્ત હતા અને રહેશે : સાધ્વી પ્રજ્ઞા

ભોપાલ,તા.૧૬

દેશના રાષ્ટ્રપિતા મહાત્મા



ગાંધીની હત્યા કરનારા નથુરામ ગોડસેને લઈને ફરીએકવાર રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. કમલ હાસનના નથુરામ ગોડસેના સ્ટેટમેન્ટ બાદ હવે મધ્ય પ્રદેશની ભોપાલ સીટ પરથી ભારતીય જનતા પાર્ટીની સીટ પર લડી રહેલા સાધ્વી પ્રજ્ઞાએ કહ્યું છે કે, નથુરામ ગોડસે દેશભક્ત હતા. સાધ્વી પ્રજ્ઞાએ કહ્યું હતું કે, નથુરામ ગોડસે દેશભક્ત હતા, છે અને રહેશે. તેમને આતંકવાદી કહેનારા લોકો પોતાના ગીરેવાનની અંદર ઝાંખીને જોવે, અત્યારની ચૂંટણીમાં આવા લોકોને જવાબ આપી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે,સાઉથના સુપરસ્ટાર અને તાજેતરના નેતા બનેલા કમલ હસને એક સભામાં કહ્યું હતું કે આઝાદ ભારતનો પહેલો આતંકવાદી હિન્દુ જ હતો અને તે હતો નાથૂરામ ગોડસે.

## અમે સાધ્વીના નિવેદનની નિંદા કરીએ છીએ : ભાજપ

'નાથુરામ ગોડસે દેશભક્ત હતા, છે અને રહેશે' સ્ટેટમેન્ટ આપીને વિવાદમાં આવી ગયેલા ભારતીય જનતા પાર્ટીના લોકસભા બેઠકના ઉમેદવાર સાધ્વી પ્રજ્ઞાના સ્ટેટમેન્ટ સાથે ભાજપે છેડો ફાડ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ સાધ્વી પ્રજ્ઞાના સ્ટેટમેન્ટને સપોર્ટ આપવાનો ઈનકાર કરી દીધો હતો. ભારતીય જનતા પાર્ટના નેતા ય્ફ- નરસિમ્હા રાવે નિવેદન આપ્યું હતું, નથુરામ ગોડસેના સાધ્વી પ્રજ્ઞાના નિવેદનનું ભાજપ સમર્થન નથી કરતું. અમે આ સ્ટેટમેન્ટની નિંદા કરીએ છીએ અને પાર્ટી તેમની પાસે આ સ્ટેટમેન્ટ અંગે સ્પષ્ટતા માગશે. તેમણે આ નિવેદન પર જાહેરમાં માફી માગતું નિવેદન આપવું પડશે.

## સાઈબર હુમલાના ડરથી અમેરિકામાં રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત

વૉશિંગ્ટન,તા.૧૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા માટે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ટ્રમ્પે દેશમાં કટોકટીની સ્થિતિની જાહેરાત કરી છે. ટ્રમ્પે જણાવ્યું કે આ નિર્ણય સાઈબર હુમલાની સ્થિતિમાં અમેરિકાના કમ્પ્યુટર્સને બચાવવા માટે કરવામાં આવ્યો છે. ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકાની કંપનીઓને વિદેશી ટેલિકોમ સેવાઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

કારણ કે, વિદેશી ટેલિકોમ સેવાઓથી રાષ્ટ્રીય સુરક્ષા જોખમમાં મુકાઈ શકે છે. વ્હાઈટ હાઉસના નિવેદન મુજબ, "અમેરિકાને વિદેશી દુશ્મનોથી બચાવવાનો જે માહિતી અને પ્રસારણ સેવાઓના આધારે અતિશય સંવેદનશીલ રીતે સતત સક્રિય થઈ રહ્યા છે." વ્હાઈટ હાઉસ તરફથી મળેલા નિવેદન પ્રમાણે આ કટોકટીની સ્થિતિ વ્યાપાર સચિવાલયને સત્તા આપે છે કે તેઓ રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને કોઈ પણ વ્યવહાર અટકાવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચંદ્રયાન-૨ લુનરક્રાફ્ટને જુલાઈમાં લોંચ કરાશે


**નાસાનું પેલોડ લઈને જશે ચંદ્રયાન -૨, ધરતી અને ચંદ્રની વચ્ચેનું માપશે અંતર**

વૉશિંગ્ટન,તા.૧૬

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) પ્રથમ વાર એ વાતનો ખુલાસો કર્યો છે કે ચંદ્રયાન -૨ લુનરક્રાફ્ટને જુલાઈમાં લોંચ કરવામાં આવશે. આ નાસાના એક પેસિવ એક્સપેરિમેન્ટલ ઈન્સ્ટ્રુમેન્ટને ચંદ્ર પર લઈ જશે. અમેરિકન એજન્સી આ મોડ્યુલ દ્વારા ધરતી અને ચંદ્રનું અંતર માપવાનું કામ કરશે.

વિદેશી પ્રાયોગિક મોડ્યુલ સિવાય ચંદ્રયાન -૨ જેમાં ઓર્બિટર, લેન્ડર વિક્રમ અને રોવર પ્રાજ્ઞન છે, તે ૧૩ ભારતીય પેલોડને લઈને જશે જે વિવિધ વૈજ્ઞાનિક ઉપયોગ કરશે અનેચંદ્ર ફોટા લેશે. નાસાના મોડ્યુલ વિશે ઈસરોના અધ્યક્ષએ સિવાનને માહિતી આપી છે.

## પાકિસ્તાનમાં કસ્ટડી દરમિયાન વિંગ કમાન્ડર અભિનંદન પર ભારે અત્યાચાર ગુજારાયો હતો



**અભિનંદન ૪૦ કલાક આઈએસઆઈના સકંજામાં રહ્યો હતો : અભિનંદનને સ્ટ્રોંગ રૂમમાં રાખીને ઘણી માહિતી કઢાવવા માટે પ્રયાસ કરાયા હતા : આંખ પર પાટા બાંધીને આકરી પુછપરછ થઈ : માર પણ મરાયો હતો**

નવી દિલ્હી,તા. ૧૬

ઈન્ડિયન એરફોર્સના વિંગ કમાન્ડર અભિનંદનને ટોર્ચર કરવા સાથે સંબંધિત ચોંકાવનારી વિગત વર્તનના સંદર્ભમાં કેટલીક માહિતી જાણવા મળી છે. અભિનંદને પુછપરછ દરમિયાન પાકિસ્તાની અધિકારીઓને કોઈપણ પ્રકારની અંગેની પણ માહિતી આપી હતી.

જો કે, અભિનંદને પુછપરછ વેળા કોઈપણ પ્રકારની માહિતી આપી ન હતી. અભિનંદનને મુક્ત નાનકડા વિડિયોમાં ૧૫થી વધારે કટ છે જેમાં અભિનંદન પાકિસ્તાની સેનાની પ્રશંસા કરતા અને ભારતીય મિડિયાની ટિકા સપાટી ઉપર આવી છે. પાકિસ્તાની કુખ્યાત ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ દ્વારા તેને હેરાન પરેશાન કરવા સાથે સંબંધિત ચોંકાવનારી વિગતો ખુલ્યા બાદ પાકિસ્તાનના નિરાશાજનક માહિતી આપી ન હતી પરંતુ ભારતીય મિડિયા દ્વારા તેના પરિવારથી લઈને પિતાના નિવૃત્ત એરફોર્સ ઓફિસર હોવા સુધી તમામ માહિતી ઉપલબ્ધ કરાવી હતી. તેમના ઘરના સરનામા કરવામાં આવ્યા બાદ જે એક મિનિટ અને ૨૩ સેકન્ડના વિડિયો રિલિઝ કરવામાં આવ્યા હતા તે અંગે અભિનંદને કહ્યું હતુ કે, આ તેમનો અવાજ નથી. ક્યારે પણ આ પ્રકારનું નિવેદન કર્યું ન હતું. આ કરતા નજરે પડે છે. ભારત વાપસી બાદ અભિનંદનની એરફોર્સના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી જેમાં એક જ પ્રશ્નને અનેક વખત પુછવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225